(સને૧૯૭૩ ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ૩૫૫ મુજબનો ચુકાદો)
અમદાવાદના મહે. ચીફ  મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટસાહેબશ્રીની
કોર્ટ સમક્ષ

આંક :–૦૩

(અ). કેસનો અનુક્રમ નંબર :– 28088/2020

(બ). ગુન્હો બન્યાની તારીખ :– 25/12/2019

(ક). ફરીયાદીનું નામ :– શ્રી સરકાર

(ડ). આરોપીઓના નામ અને સરનામું.:– નવીન મસરાજી સોલંકી.
રહેઃ મધુસુદન પ્રાણલાલની ચાલી
ભોગીલાલની ચાલી સામે અસારવા
શાહીબાગ અમદાવદ.

(ઈ). ફરીયાદમાંનો આરોપ અથવા સાબીત :– ઈ.પી.કો.કલમ–૨૮૩ મુજબ.
થયેલો આરોપ.

(ફ). આરોપીઓનો જવાબ અને તપાસણી :–

સવાલ– તમોને ફરીયાદની હકીકતો વાંચી સંભળાવી તેમાં જણાવેલ ગુન્હો તમે કબુલ કરો છો કે બચાવ કરવો છે ?

જવાબ–મને ગુનો કબુલ છે.

..............................................
આરોપીની સહી

મારી રૂબરૂ,

ઈ.ચા. ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,
અમદાવાદ.

(૧).    આ કામે આરોપી વિરુધ્ધ ઈ.પી.કો.કલમ–૨૮૩ મુજબનો ગુનો દાખલ થયેલ છે. આરોપી વિરૂધ્ધ એવો આક્ષેપ છે કે, આરોપી એ ચાર્જશીટમાં જણાવેલ વિગતે પોતાનું સાધન ઉભું રાખીને આવતા જતા રાહદારી/ટ્રાફીકને અડચણ થાય તે રીતનો ગુનો આચરેલ છે.

(૨).    આજરોજ લોક અદાલત છે, અને સ્પેશીયલ સીટીંગમાં કેસો રાખેલ છે. આરોપીએ આજરોજ હાજર થઈ કબુલાતની પુરશીષ આપી ગુનો કબુલ કરેલ છે. આરોપીને સમજાવવામાં આવે છે કે, તેઓ ગુનો કબુલ કરવા માટે બંધાયેલા નથી અને જો ગુનો કબુલ કરકે તો પુરશીષનો ઉપયોગ તેમની વિરૂધ્ધમાં પુરાવો તરીકે કરી યોગ્ય તે હુકમ કરવામાં આવશે. ત્યારબાદ આરોપીએ ગુનો કબુલ કરેલ છે. જેથી આરોપીની કબુલાત સ્વૈચ્છીક હોવાનું જણાય છે.

(૩).    આરોપીને સજા  બાબતે પુછતા આરોપી જણાવે છે કે, આ આ તેમનો પ્રથમ ગુનો છે ગુનો બદલ તેમને પસ્તાવો થાય છે અને આરોપી ભવિષ્યમાં આવા પ્રકારનો કોઈ ગુનો કરશે નહી તેમજ આરોપીએ આવા પ્રકારનો કોઈ ગુનો અગાઉ કરેલ નથી જેથી તેમના ઉપર દયા રાખવા અરજ ગુજારેલ છે. તેમજ વધુ સજા નહી કરતાં ઓછી સજા કરવા વિનંતી કરે છે. આમ આ તમામ હકીકતો ધ્યાને લેતાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## ::: હુ ક મ :::

આરોપીને ઈ.પી.કો. કલમ–૨૮૩ ના ગુના માટે ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૫૨ અન્વયે તકસીરવાન ઠરાવી રૂા.૧૦૦/–( અંકે રૂપીયા એક સો) પુરા દંડ કરવામાં આવે છે.જો દંડ ના ભરે તો આરોપીને ૦૫ (પાંચ) દિવસ સાદી કેદની સજા કરવામાં આવે છે.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સહી કરી જાહેર કર્યો.

તાઃ૧૦/૦૭/૨૦૨૧

(આર.બી.માફતિયા)
ઈ.ચા.ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ
અમદાવાદ, કોડ નંઃજીજે૦૦૬૩૩